# ડાયનાસોરનો સૌથી યુવાન મૃત અવશેષ 'નાગટાઈટન' થાઈલેન્ડમાં મળ્યો

વરસ 2016માં ઈશાન થાઈલેન્ડના એક સ્થાનિક નાગરિકનું ધ્યાન એક પહાડી પરના વિચિત્ર જણાતા ખડક પર ગયું. એક તળાવને કાંઠે આ એક અસાધારણ ખડક હતો. વધુ તપાસ થઈ તો ખબર પડી એ એક વિશાળ ડાયનાસોરના અશ્મિભૂત (ફોસ્સીલાઈઝ્ડ) થયેલાં અવશેષો હતાં. દક્ષિણ પૂર્વ એશિયામાં આજ સુધીમાં ડાયનાસોરનાં જે અવશેષો કે હાડપીંજરો મળ્યાં છે તેમાં આ સૌથી મોટાં, વિશાળ ડાયનેસોરનાં છે.



વિજ્ઞાનીઓનું કહેવું છે કે આ પ્રકારના ડાયનાસોરનું વજન 27 ટન હતું. 27 ટન એટલે પૂણે કદના મોટા-નવ હાથી મળીને 27 ટન વજન બને. એક ડાયનાસોરનું કદ નવ હાથી બરાબર હતું. એ ડાયનાસોરની લંબાઈ પણ 27 મિટરની હતી. ત્રણ મોટી બસોને એક પછી એક કતારમાં ઊભી રાખો ત્યારે 27 મિટર થાય. વિજ્ઞાનની ભાષામાં આ ડાયનાસોરને 'સૌરોપોડ' કહે છે.

તે શાકાહારી હતા, માત્ર વનસ્પતિ અથવા ઝાડ-પાન ખાતા હતા. એની આટલી ઊંચાઈ હોવાથી વૃક્ષોની ટોચ પરનાં પાંદ ખાઈ શકતા, અને એમને કોઈ અન્ય પ્રાણીઓ શિકાર કરવા માટે આવે તેનો ડર ન હતો. પૃથ્વી પર તે સવા અગિયાર કરોડ વરસ અગાઉ વિહરતા હતા.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

મજાની વાત એ છે કે આ લુપ્ત વિશાળ પ્રાણીને સંસ્કૃત અને ગ્રીક લેટીન ભાષાની મેળવણી કરીને 'નાગટાઈટન ચૈયાફુર્મનસીસ' નામ યુકે અને થાઈલેન્ડના સંશોધકોએ આપ્યું છે. થાઈલેન્ડમાં બૌદ્ધ અને સંસ્કૃત ભાષાનો પ્રભાવ છે.

તે મુજબ નાગ એટલે સરિસૃપ સાપ. આ અર્થ આપણી ગુજરાતી અને ભારતની લગભગ તમામ ભાષાઓમાં થાય છે. થાઈલેન્ડમાં નાગ સાથે સંકળાયેલી અનેક પ્રાચીન દંતકથાઓ અને વાર્તાઓ છે જેમ ભારતની અન્ય ભાષાઓમાં છે. ટાઈટન એ ગ્રીક દેવતાનું નામ છે અને થાઈલેન્ડના જે પ્રદેશમાંથી વિરાટ હાડપીંજર મળ્યું છે તે પ્રદેશનું નામ ચૈયાકુમેનસીસ છે, જે નાગટાઈટનની પાછળ જોડવામાં આવ્યું છે.

આ કામગીરીમાં મહત્વનું યોગદાન આપનાર થાઈલેન્ડના જાણીતા લેખક થિતીવૂત સેતાપનીષદકુલ કહે છે કે નાગટાઈટનને અમે થાઈલેન્ડના 'ધ લાસ્ટ ટાઈટન' તરીકે ઓળખાવીએ છીએ, એટલા માટે વરસોની દૃષ્ટિએ થાઈલેન્ડમાં જે સૌથી નાની વયની પહાડી છે તેમાંથી નાગટાઈટનના અશ્મિઓ પ્રાપ્ત થયાં છે. ડાયનાસોરના અવશેષો ધરાવતી આ સૌથી નાની વયની પહાડી છે. એ રીતે નાની કે જેમાં ડાયનાસોરના યુગના છેલ્લા તબક્કામાં આ પ્રકારના અશ્મિો ચળવાનું લગભગ અશક્ય છે.

એ વખતે જે ભુગોલીય ઊથલપાથલો થઈ તેમાં ડાયનાસોરના અવશેષો મળતા નથી. ખાસ કરીને ત્યારે થાઈલેન્ડનો એ પ્રદેશ છીછરા દરિયામાં ફેરવાઈ ગયો હતો.

આથી સૌરોપોડના વિરાટ કદના અવશેષો મળ્યા છે. તે દક્ષિણ-પૂર્વ એશિયામાં પ્રમાણમાં વધુ નજીકના ઈતિહાસના અર્થાત છેલ્લા ટાઈટનના અવશેષ ગણવામાં આવે છે. કદાચ, આનાથી વધુ તાજા અશ્મિઓ સૌરોપોડ ડાયનાસોરના નહીં મળે.

**મજાની વાત એ છે કે આ લુપ્ત વિશાળ પ્રાણીને સંસ્કૃત અને ગ્રીક લેટીન ભાષાની મેળવણી કરીને 'નાગટાઈટન ચૈયાકુર્મનસીસ' નામ યુકે અને થાઈલેન્ડના સંશોધકોએ આપ્યું છે. થાઈલેન્ડમાં બૌદ્ધ અને સંસ્કૃત ભાષાનો પ્રભાવ છે**

### વ્હેલ માછલીની ગગનભેદ ગર્જના

અમેરિકાના અલાસ્કાનો અગ્નિ દિશામાં પ્રિન્સ ફ્રેડેરિક સાઉન્ડ નામનો વિવિધ જળસંપદાથી ભરપૂર એક સમુદ્રીય વિભાગ છે. આ સમુદ્રમાં નાવિકો, માછીમારોને વાદળોની ગેરહાજરીમાં, સ્વચ્છ આકાશમાં ગગનભેદી, પડછંદ અવાજો સંભળાતા હતા. ઘણા કહેતા કે એ ક્યાંય દૂર ચાલી રહેલા વરસાદી તોફાનનો અવાજ છે. અમુક માનતા કે એ કોઈ યંત્રોનો અવાજ છે. પરંતુ હવે વિસ્તૃત તપાસ બાદ જણાયું છે કે એ ભેદી અવાજ વ્હેલ માછલીઓની ગર્જના છે. આ ખુંધવાળી વ્હેલ હોય છે. એ સમુદ્રની અંદર, સપાટીથી નીચે રહીને અવાજ કાઢે તે સપાટી બહાર નિકળીને હવામાં આઠથી નવ કિલોમિટર દૂર સુધી પહોંચે છે, અથવા સંભળાય છે. નાવિકો, માછીમારોને ખબર જ ન પડે કે ક્યાંથી અવાજ આવે છે? તપાસ માટે જમીન પર અનેક સ્થળે માઈક્રોફોન્સ અને સમુદ્રની સપાટી નીચે હાઈડ્રોફોન્સ ગોઠવવામાં આવ્યા. સંશોધકોને માલૂમ પડ્યું કે ત્રીસથી ત્રણસો હર્ટઝની ફ્રિકવન્સીનો એ અવાજ વ્હેલ માછલીઓ કાઢે છે. સંશોધક ડૉ. ફ્રેડ શાર્પના કહેવા મુજબ એ અવાજ ક્યારેક મિકેનિકલ સાધનોના ઘોંઘાટ જેવો સાતત્યપૂર્ણ ભાસે છે. જો વ્હેલ માછલી નજીક હોય તો એ સિસોટી અને ક્યારેક ગડગડાહટ જેવો રમુજી અવાજ ભાસે છે. પરંતુ ઘણી દૂર હોય ત્યારે મશીનોના ઘોંઘાટ જેવો લાગે. આમ બધા જ ખલાસીઓની વાત અને વર્ણનો સાચાં છે. ડૉ. ફ્રેડ શાર્પ જીવવિજ્ઞાની છે અને સેતી (સર્ચ ફોર એકસ્ટ્રા ટેરેસ્ટ્રીઅલ ઈન્ટેલિજન્સ- પૃથ્વી બહારના જીવો વિષે શોધ કરતી સંસ્થા) સાથે સંકળાયેલા છે. એ અને એમની ટીમનું માનવું છે કે વ્હેલ માછલીના નાકના પેસેજમાં ચરબીયુક્ત સ્ટ્રક્ચરને કારણે આ પ્રચંડ અને વિચિત્ર અવાજ પેદા થાય છે. તેઓ સમુદ્રની સપાટીની નીચે હોય ત્યારે ત્યારે હવા પસાર થવાનો ઊપરનો માર્ગ અવરોધાય છે. તેઓ શિકાર કરે છે ત્યારે નાની માછલીઓ, જેમાં સેંકડોની સંખ્યામાં તરતી હોય એ આખી કોલોની જ પાણી સાથે ગળી જાય છે. એ પોતાનું વિશાળ મોં ખોલે ત્યારે શરીરમાં પાણી પણ પુષ્કળ માત્રામાં ઘૂસે છે. પરંતુ તેઓના શરીરમાં એવી રચના હોય છે જેમાં માછલીઓ અને નાનાં જીવોનો ખોરાક અંદર પેટમાં રહી જાય છે અને પાણી બહાર નિકળી જાય છે. પરંતુ અપરવે અવરોધાય તો અમુક પાણી અંદર જઈ શકતું નથી અને પરિણામે ઘોંઘાટ કરે છે. વળી નાકની રચના પણ એવી હોય છે કે સેંકડો ગેલન ખારૂં પાણી વ્હેલનાં ફેફસાઓમાં ઘૂસતું નથી. ઊગમ સ્થાન પર કેટલું પાણી કેટલો શોર મચાવતું હશે તેની કલ્પના કરો. વાસ્તમાં સેંકડો ગેલન પાણી વડે ચરબીમાંથી બનેલા ભાગમાં કંપન પેદા થાય છે અને એ કંપનો અવાજ કાઢે છે.



## જીમખાના ક્લબ પર સંકટના વાદળ



મોદી સરકારે નવી દિલ્હીના પ્રતિષ્ઠિત દિલ્હી જીમખાના ક્લબને ખાલી કરાવવાનો આદેશ આપ્યા પછી, તેમના ક્લબ બંધ થવાની સંભાવનાનો સામનો કરી રહેલા સભ્યો તેના રેસ્ટોરાં અને બારમાં ઉમટી રહ્યા છે. દેખીતી રીતે, જીમખાના ક્લબે ભાગ્યે જ તેના કોરિડોરમાં આટલી ભીડ જોઈ છે સિવાય કે કોઈ ખાસ કાર્યક્રમ હોય. રેસ્ટોરાંમાં પ્રવેશ માટે બહાર લાંબી કતારો હોય છે અને બાર લોકોથી ઉભરાતા હોય છે.

વાતચીતનો એક જ વિષય છે: સરકારથી ક્લબને કેવી રીતે બચાવવો. કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે અને કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવી જેવા પ્રખ્યાત વકીલો ક્લબના સભ્યો વતી હાજર રહી રહ્યા છે. સરકારે રાષ્ટ્રીય સુરક્ષાના કારણો આપીને વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનની બાજુમાં રાજધાનીના હૃદયમાં ક્લબ દ્વારા કબજે કરાયેલી 27.5 એકર પ્રાઈમ લેન્ડ કબજે કરી છે.

સરકારે જીમખાના ક્લબના રસ્તાની સામે આવેલા પોલો ક્લબ અને રેસકોર્સને ખાલી કરાવવાની નોટિસ પણ આપી છે. પ્રસ્તાવિત સરકારી સંપાદન હેઠળની જમીનનો કુલ વિસ્તાર લગભગ 100 એકર છે. આ ત્રણેય ક્લબ બ્રિટિશરો દ્વારા ક્રાઉન સેવા આપતા શાહી અધિકારીઓના મનોરંજન અને આરામ માટે બનાવવામાં આવી હતી. તેમના ગયા પછી, તે ટોચના અમલદારો અને સંરક્ષણ કર્મચારીઓ માટે સાચવવામાં આવી છે. 50 વર્ષથી વધુ સમયથી રાહ જોવાતી યાદી સાથે સભ્યપદ અશક્ય છે.

સરકાર જમીનનું શું કરવા માંગે છે તે સ્પષ્ટ નથી. પીએમ રાષ્ટ્રપતિ ભવનના મેદાનમાં બનેલા નવા સત્તાવાર નિવાસસ્થાનમાં સ્થળાંતર કરવાના છે. તો સરકારે ત્રણ ક્લબો હસ્તગત કરવા માટે રાષ્ટ્રીય સુરક્ષાના કારણો શા માટે આપ્યા છે? સભ્યોને જુલાઈ સુધીનો આરામ મળ્યો છે કારણ કે કોર્ટે સરકારને અરજીનો જવાબ દાખલ કરવા કહ્યું છે. ત્યાં સુધી, દિલ્હીના પાવર કોરિડોર આ પ્રતિષ્ઠિત ક્લબના ભવિષ્ય વિશે અટકળોથી ગુંજી રહ્યા છે જે વિમ્બલ્ડનની બહાર શ્રેષ્ઠ ગ્રાસ ટેનિસ કોર્ટ ધરાવે છે.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## વકીલ, રાજકારણી અને હવે સિંગર: નલિન કોહલીનો નવો અવતાર



વરિષ્ઠ વકીલ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નલિન કોહલી છુપી પ્રતિભા ધરાવે છે. જ્યારે તેઓ કોર્ટમાં કે ટેલિવિઝન કેમેરા સામે દલીલો નથી કરતા હોતા, ત્યારે તેઓ તેમના બેન્ડ 'સોર્ડો' (Sourdough) સાથે ગીતો ગાય છે.કોહલીએ છેલ્લા બે વર્ષમાં આ બેન્ડ તૈયાર કર્યું છે. તેમણે તાજેતરમાં દક્ષિણ દિલ્હીની એક લોકપ્રિય રેસ્ટોરન્ટમાં આયોજિત બે કાર્યક્રમોમાં તેને લોકો સમક્ષ રજૂ કર્યું હતું. આ બેન્ડ ખૂબ હિટ રહ્યું હતું. તેમણે ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાના અંગ્રેજી રોક અને પૉપ ગીતો ગાયા અને રાત્રે ૧ વાગ્યા સુધી શ્રોતાઓને ઝુમાવતા રાખ્યા હતા. એવું જાણવા મળ્યું છે કે કોહલી જ્યારે દિલ્હીમાં કોલેજમાં હતા ત્યારે પણ તેમનું એક બેન્ડ હતું. સ્નાતક થયા પછી, તેઓ તેમના વ્યાવસાયિક અને રાજકીય જીવનમાં વ્યસ્ત થઈ ગયા, જેના કારણે તેમને તેમના પ્રથમ પ્રેમ (સંગીત) માટે સમય ન મળ્યો.

તે અદ્ભુત બાબત છે કે તેઓ ૫૫ વર્ષની ઉંમરે સંગીત તરફ પાછા ફર્યા છે અને હવે જાહેર કાર્યક્રમો કરી રહ્યા છે. કોહલીનો આ નવો અવતાર સાબિત કરે છે કે રાજકારણીઓનું પણ એક અલગ જીવન હોઈ શકે છે જે તેમની જાહેર છબીથી તદ્દન અલગ હોય છે.

## શું ૧૩ નંબરનો 'શાપ' તૂટશે? કેરળના મંત્રીએ લીધું મોટું રાજકીય જોખમ




કેરળમાં સરકારી કાર નંબર ૧૩ને હંમેશા અપશુકનિયાળ માનવામાં આવે છે. વર્ષો સુધી કોઈ મંત્રી આ ખાસ વાહન લેવા માંગતા ન હતા અને તે ગેરેજમાં નકામી પડી રહી હતી.

હવે, આઈયુએમએલ (IUML)ના સ્થાનિક સ્વરાજ્ય મંત્રી કે. એમ. શાજીએ સત્તાવાર ઉપયોગ માટે આ કાર લેવાનું પસંદ કર્યું છે. તેમને શરૂઆતમાં કાર નંબર ૯ ફાળવવામાં આવી હતી, જે પાછળથી કોંગ્રેસના ગૃહમંત્રી રમેશ ચેન્નીથલાએ માંગી લીધી હતી. ત્યારબાદ શાજીએ એક અસામાન્ય વિનંતી કરી અને કાર નંબર ૧૩ ફાળવવા જણાવ્યું. અગાઉની કોંગ્રેસ અને ડાબેરી સરકારોના મંત્રીઓએ ૧૩ નંબર સાથે જોડાયેલી અંધશ્રદ્ધાને કારણે આ કારનો અસ્વીકાર કર્યો હતો, જેને અશુભ માનવામાં આવે છે. જેમણે આ નંબર પ્લેટવાળી કારનો ઉપયોગ કર્યો છે તેઓ કાં તો આગામી ચૂંટણી હારી ગયા છે અથવા રાજકીય રીતે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. સ્પષ્ટપણે, શાજી ૧૩ નંબર સાથે જોખમ ઉઠાવવા તૈયાર છે.

# પોલીસ વડાએ મુક્કો પછાડ્યો: આપણને કસોટીમાં નાપાસ થવાનું નહિ જ પોસાય

સાંજે સાડા સાત વાગવામાં ત્રણ-ચાર મિનિટ અગાઉ ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ નીરવ ત્રિવેદી શાંતિપૂર્વક ડાંગ જિલ્લાના મુખ્ય પોલીસ અધિકારી એસ. પી. એટલે કે પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાના આહવા સ્થિત હેડક્વાર્ટર ઓફિસમાં પહોંચી ગયા.

નીરવ ત્રિવેદીની ન વધુ, ન ઓછી હાઈટ. ગંભીર ચહેરો. ભાગ્યે જ હસે. બોલે પણ જવલ્લે જ, જરૂરથી ય ઓછું. પોલીસ તંત્રમાં તો કોઈ સાથે ઝાઝો ઘરોબો નહિ, જીવનમાં ય દોસ્તો આંગળીઓને વેઢે ગણાય એટલા. ઘણાને એમના પર જબરી ખુન્નસ. કેટલાય મોકો મળવાની રાહમાં લાંબા સમયથી હાથ ઘસતા બેઠા છે કારણ કે નીરવ ન કોઈનું સાંભળે, ન કોઈની સાડાબારી રાખે કે ન નિયમ ચાતરીને ભલભલા ચમરબંધના કામ કરે. આ નીરવ શાંત, ઓછી વાતો કરનારો, અંતર્મુખી, શૉબાજી નહિ...છતાં ખરેખર ઓળખનારાને એને માટે ઝાઝેરું માન. ક્યારેય જરાય દેખાડો ન કરે પણ અત્યંત પ્રામાણિક, ન્યાય માટે ગમે તે કરી છૂટે, નજીવા અન્યાય પર પણ લાવારસની જેમ ઉકળી ઊઠે. અંદરથી ઉશ્કેરાઈ જાય. નીરવને આ બધાની તસુભાર પરવા નહિ. તમે ખુદને ગમો છો એ જ તો જિંદગીનો જશ્ન ને બીજાને નથી ગમતા એ એનો પ્રશ્ન છે, એવું તેઓ દ્રઢપણે માને.

ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીના આગમનની સહેજ પણ નોંધ લીધા વગર એસ.પી.ના પી. એ. કમ ઓપરેટર યજ્ઞેશ શેટ્ટીએ સાહેબને જાણકારી આપી. સુરેન્દ્ર પુષ્કર્ણાએ આદેશ આપ્યો કે બધાને અંદર મોકલો. કેબિનમાં પુષ્કર્ણાએ સૌને વગર સ્મિતે માત્ર માથું હલાવીને આવકાર્યા. પ્રાથમિક ઔપચારિકતા બાદ એસ.પી.એ ગંભીરતા સાથે તાકિદ કરી: ''આવતી કાલથી ડાંગ દરબાર શરૂ થાય છે. અહીં કાયમ બધું શાંતિથી સમુસુતરું પાર પડે છે પરંતુ બદલાતા સમય ને સંજોગોમાં સદૈવ સબ સલામત માનીને બેસી રહેવું ન પાલવે...'' બહારથી દરવાજો ખખડ્યો. પુષ્કર્ણા હળવા રોષ સાથે બોલ્યા: ''કમ ઈન રાઠોડ.'' એલસીબીના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ અંદર આવ્યા. મોડા પડવાના રંજને બદલે ચહેરા પર સ્મિત ને એ ય પાછું થોડું તોફાની, થોડું લુચ્ચું. ૩૦ વર્ષનો એ બ્રાંડપ્રેમી જાણે ચાલતો-ફરતો શોરૂમ. મોંઘી બ્રાંડનું ટી-શર્ટ, નીચે બ્રાંડેડ જીન્સ, પગમાં ચમકતા સ્નીકર્સ, હાથમાં સ્માર્ટવૉચ અને આંખો પર ડિઝાઈનર ચશ્માં.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

આ મુફતીવાળો પોલીસમેન પહેલી નજરે નકરો ફેશનપ્રેમી, બેફિકર લાગે પણ બોલવામાં આત્મવિશ્વાસ, હલનચલનમાં ગણિત અને ભીડમાં પણ સતત આસપાસ નિરીક્ષણ કરવાની ટેવ. જાણે દરેક ક્ષણે કોઈકના મનના ઊંડા ને અંધારે ખૂણે પડેલી માહિતી આંચકી લેવા તત્પર હોય.

સૌ પર નજર ફેરવતા કોઈને સ્માઈલ, કોઈને આંખથી આવકાર ને કોઈ સામે આંખ મિચકારતા જયદીપ રાઠોડને પુષ્કર્ણાએ ટપાર્યા: ''પ્લીઝ, ઝડપભેર બિરાજો રાઠોડ.''




(અતા-પતા-લાપતા -4)

હળવા સ્માઈલ સાથે માથું હલાવીને રાઠોડ નજીક દેખાતી ખુરશી પર બેસી ગયા. સુરેન્દ્ર પુષ્કર્ણાને કોઈએ ભાગ્યે જ આટલા ગંભીર જોયા હતા. તેઓ આગળ બોલ્યા એકદમ વેધક અવાજમાં, ''રાબેતા મુજબ ખુદ ગવર્નર અને રાજ્યના પ્રધાન કાલે આવવાના છે. ડાંગના રાજાઓ હશે. એ ઉપરાંત મોટી સંખ્યામાં નિર્દોષ નાગરિકો હશે. આ બધાની સલામતીની જવાબદારી મારી, તમારી છે. દરેક પોલીસ સ્ટેશનમાં બે જણાને રાખીને બાકીના બધાએ આહવામાં બંદોબસ્તમાં જોડાવાનું છે. આમાં કોઈ બહાનાં, કચાશ કે ચૂક માટે જરાય અવકાશ નથી. આ વિષયમાં તમારા મનમાં જે કંઈ વિચારો, પ્લાન આવે એ મને રાતે દશ વાગ્યા સુધીમાં જણાવો. ઈઝ ધેટ ક્લિઅર?''

જ્યારે આહવાના પોલીસ હેડક્વાર્ટરમાં વર્દીધારીઓની ચા-કોફી ડાંગ દરબારની સલામતીની ફિકરમાં ઠરી રહી હતી ત્યારે કેટલાક કાળા માથાના માનવી અંધાર પછેડી ઓઢીને કંઈક અકલ્પનીય ને ભયંકર બાબતને અંજામ આપવામાં ગળાડૂબ હતા. એ જ સમયે ડોક્યુમેન્ટરી ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક રાજેશ પંચમિયા આવતી કાલના શિડ્યુલ પર નજર ફેરવી રહ્યા હતા. પંચમિયા પરેશાન હતા કે આવા અણીના સમયે આસિસ્ટન્ટ માઈકલ સાથે નહોતો. એટલું જ નહિ એ ફોન પણ ઉપાડતો નથી. કેવી ભયંકર બેદરકારી ને એ પણ ફક્ત દારૂ માટે? એની પસંદગી મોટી ભૂલ હતી કે પછી સિનેમેટોગ્રાફર તરીકે કૃતિને લાવવાની? ત્યારે કૃતિ ભાઈ ચંદુ સાથે વોટ્સએપ ચેટિંગમાં શૂટિંગમાં ગરબડ કરીને પોતાની અનિવાર્યતા સ્થાપવાના કાવાદાવામાં રચીપચી હતી. ચંદુ વચ્ચે વચ્ચે મજીદનો ફોન કરી લેતો હતો. ક્યારેક મજીદના ફોનની બેલ વાગતી રહેતી હતી તો ક્યારેક ફોન રિજેક્ટ કરાતો હતો. એક વાર કંટાળીને મજીદ અકળામણ સાથે બોલ્યો: ''ભાય પ્લીઝ, જરા સમજો ના. મજ્જી બઉત બિઝી હય અબ્બી. પ્રોમિસ કિયા હય તો આયેંગા બમ્બઈ સેન્ટ્રલ. ઔર મય જો કર કે દિખાયેગા વો કોઈ સોચ બી નય સકતા ભાય. યુ ડોન્ટ વરી. અપુન હય ના.''

**સીટ ડાઉન રાઠોડ. ઘાંઘાં થવાથી કંઈ વળવાનું નથી. વધુ આઘાતજનક બાબત એ છે કે ધમકીપત્રના કવર પર મહારાષ્ટ્રની પડઘા પોસ્ટ ઓફિસનો સિક્કો છે**

મજીદે સામે બેસેલા દાઢીધારી સામે જોયું. દાઢી બોલી, ''પહલે છોટી સી જિમ્મેદારી દેતા હું બરખુરદાર. ઉમ્મીદ હૈ શિદ્દત સે નિભા લોંગે.''

''જી જનાબ. આપ ફિક્ર ના રે. ચલું મૈં?''

''બરખુરદાર. સમજ લો કઈ યે તુમ્હારા છોટા સા ટેસ્ટ હૈ. ઈસ મેં કામયાબી સે તુમ્હારા રુત્બા ઔર કામ બઢ જાયેંગે.'' બન્ને આશાવાદી હતા કે આ નાનકડા કામમાં કોઈ અડચણ આવી જ ન શકે. આશા ભોંયભેર પછડાવાની હતી. ડાંગમાં ધારણા બહારના અનુભવ મજીદની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એ સમયે સુરેન્દ્ર પુષ્કર્ણાના બોલાવેલી બેઠકનું સમાપન થયું. પોલીસ વડાને લગભગ સામૂહિક સેલ્યુટ બાદ બધા ઊભા થયા ત્યારે ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ નીરવ ત્રિવેદી અને લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડને એસ. પી. સાહેબના મેસેજ મળ્યા: ડોન્ટ ગો. પંદર મિનિટ પછી પાછા આવો. અને બન્ને ઓફિસર પંદર મિનિટ પછી આવ્યા ત્યારે સુરેન્દ્ર પુષ્કર્ણા વધુ ગંભીર હતા. ''આ રુટિન બેઠક નહોતી. આપણને ધમકી મળી છે ડાંગ દરબારની ઉજવણીના રંગમાં ભંગ પાડવાની...''

નીરવ કંઈ ન બોલ્યા કારણ કે એના મત મુજબ જ્યાં સુધી પૂરી વાતની ખબર ન હોય ત્યાં સુધી અભિપ્રાય આપો નહીં કેમ કે અધૂરું સત્ય તો અસત્ય કરતાં પણ જોખમી હોય છે. પરંતુ જયદીપ રાઠોડ ઊભા થઈ ગયા, ''વ્હોટ?!''

''સીટ ડાઉન રાઠોડ. ઘાંઘાં થવાથી કંઈ વળવાનું નથી. વધુ આઘાતજનક બાબત એ છે કે ધમકીપત્રના કવર પર મહારાષ્ટ્રની પડઘા પોસ્ટ ઓફિસનો સિક્કો છે.'' 'પડઘા' શબ્દ કાને પડતા જ બેઉ ઓફિસર વધુ ટટ્ટાર થઈ ગયા. પુષ્કર્ણાએ તેમની સામે જોયું. ''તમારી કાબેલિયત પર મને સૌથી વધુ વિશ્વાસ છે. આવતી કાલથી તમારી જવાબદારી અને કામગીરી શું હશે એ સમજી લો.''

પુષ્કર્ણા ખૂબ વિચારણા બાદ જાળ બિછાવી રહ્યા હતા. બરાબર દાણા વેરાવાના હતા ને બે તદ્દન વિરોધાભાસી કાર્યશૈલી અને વ્યક્તિત્વ ધરાવતાં પણ બેસ્ટ પોલીસમેનને મેદાનમાં ઉતારી રહ્યા હતા. રાતનો અંધકાર જાણતો નહોતો કે સવારનો સૂર્યોદય શું બતાવવાનો છે પણ જે થશે એ અગાઉ ક્યારેય થયું નહોતું. (ક્રમશ:)

**સટ્ટાક — કમલ**

